# Std. 5 - Week 3

# ગુજરાતી

## ૩ હું વિચારું ...

- 'હું વિચારું' વિભાગમાં વિદ્યાર્થીઓ તાર્કિક ચિંતન કરી શકે તે પ્રકારની પ્રવૃત્તિઓ મૂકવામાં આવી છે. વાર્તા વાચન બાદ તર્કપૂર્ણ ઉત્તર આપી શકે, તેવી ગુંજાશ અહીં રહેલી છે. વિદ્યાર્થીઓ કાર્યકારણ સંબંધ-આમ કેમ થયું ? શા માટે ? જેવા પ્રશ્નો સંદર્ભે વિચાર રજૂ કરી શકે અને કાર્યકારણ સંબંધ શોધી શકે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

**પ્રશ્ન-૧ નીચેની વાર્તા વાંચી અને જવાબ લખો.**

એક જંગલ હતું. તેમાં એક વરુ રહેતું હતું. એક દિવસ તે શિકાર કરીને ખાતું હતું. ત્યારે ઉતાવળથી તેના ગળામાં નાનું હાડકું ફસાઈ ગયું. એણે હાડકાને બહાર કાઢવા ખૂબ મહેનત કરી, પણ હાડકું બહાર નીકળ્યું નહિ.

તેણે વિચાર્યું કે જો આ હાડકું ગળામાંથી બહાર નહિ નીકળે તો હું ખાધા-પીધા વગર મરી જઈશ. તેણે જંગલનાં બધાં પ્રાણીઓને હાડકું કાઢી આપવા વિનંતી કરી, પરંતુ કોઈનાથી હાડકુ નીકળ્યું નહિ.

વરુને ગળામાં ખૂબ જ દુખાવો થવા લાગ્યો, તે બૂમો પાડતું-પાડતું નદી કિનારે આવ્યું. ત્યાં તેણે એક બગલો જોયો.

વરુએ બગલાને ગળામાંથી હાડકું કાઢવા ઈનામ આપવાની લાલચ આપી. વરુ પોતાનું મોં ખુલ્લું રાખીને બેસી ગયો. ઈનામની લાલચે બગલાભાઈએ તેના મોંમાં ચાંચ નાંખી અને હાડકું બહાર કાઢ્યું વરુને નિરાંત થઈ બગલાભાઈએ ઈનામની માંગણી કરી.

વરુએ ઘૂરકાટ કરી બેફિકરાઈભર્યો જવાબ આપ્યો 'અલ્યા બગલા ! તું ઈનામની વાત છોડ ! આજ દિવસ સુધી મારા મોંમાંથી કોઈ બચ્યું નથી. તારી ડોક મારા મોંમાં હતી તોય હું તને મારીને ખાઈ ન ગયો એટલે તારે તો મારો પાડ માનવો જોઈએ આનાથી મોટું ઈનામ બીજું હું કયું આપું ? બોલ ?'

બગલો કાંઈપણ બોલ્યા વિના નિરાશ થઈને જતો રહ્યો.

(૧) વરુના ગળામાં હાડકું ફસાયું, કારણ કે

(જ) ______________________________
______________________________
______________________________
______________________________

(૨) વરુના ગળામાંથી બગલા સિવાય કોઈએ હાડકું કાઢ્યું નહિ, કારણ કે

(જ) ______________________________
______________________________
______________________________
______________________________

રસોડાનાં સાધનોનાં નામ : __________, __________, __________, __________

(૩) વરુના ગળામાંથી હાડકું બગલાભાઈએ કાઢ્યું, કારણ કે

(જ) ______________________________

(૪) વરુએ ગળામાંથી હાડકું કાઢવા કોને-કોને વિનંતી કરી હશે ?

(જ) ______________________________

(૫) આ વાર્તાને કયાં-કયાં શીર્ષક આપી શકાય ?

(જ) __________ __________ __________ __________

**પ્રશ્ન-૨ નીચેની સ્થિતિમાં તમે શું કરશો ?**

(૧) તમારાં મમ્મી ગુસ્સે થયાં છે.

______________________________

(૨) તમારો મિત્ર રમતાં-રમતાં પડી ગયો છે અને તેને પગે વાગ્યું છે.

______________________________

(૩) તમે રસ્તા પર ઊભા છો અને કોઈ દિવ્યાંગ વ્યક્તિને રસ્તો ઓળંગવો છે.

______________________________

સંદેશા વ્યવહારનાં સાધનોનાં નામ : __________, __________, __________, __________

(૪) તમે બસમાં બેઠા છો અને કોઈ વૃદ્ધ માણસ બસમાં ચડે છે; બસમાં બેસવાની જગ્યા નથી.

(૫) ગુલાબનો છોડ રોપ્યો પણ તે ઊગ્યો નથી.

(૬) શાળામાં પાણીની ટાંકીના નળમાંથી પાણી ટપકે છે.

(૭) તમારા ઘરે તમારાં મમ્મી-પપ્પાની ગેરહાજરીમાં મહેમાન આવે તો ....

અનાજ - કઠોળનાં નામ : ____, ____, ____, ____

# ગણિત

## ૪ ગુણાકાર

- ગુણાકાર એ પુનરાવર્તી સરવાળો છે તે બાબતે વિદ્યાર્થીનું પુનરાવર્તન થાય તે માટે શરૂઆત ત્યાંથી કરવામાં આવે છે.
- ત્યારબાદ ગુણાકારની પ્રક્રિયાના દાખલા આપવામાં આવેલ છે. અહીં ગુણાકાર કરવાની ચોક્કસ પ્રક્રિયા આપવામાં આવી નથી, પરંતુ વિદ્યાર્થીને ગુણાકારમાં તકલીફ પડે છે એવું લાગે તો તમે અગાઉનાં ધોરણમાં આવતી વિવિધ ગુણાકારની પ્રવિધિનું પુનરાવર્તન તેની નોટબુકમાં કરાવી શકો છો.
- અહીં આપેલ દાખલા સિવાય વધુ દાખલા પ્રેક્ટિસ માટે આપ વિદ્યાર્થીને તેની નોટબુકમાં આપી તેનો ખ્યાલ વધુ સ્પષ્ટ કરાવી શકો છો.

### • ઘડિયા બનાવો.

**પ્રશ્ન-૧ ૩નો ઘડિયો પૂર્ણ કરો.**

| | | | |
|---|---|---|---|
| [○○○] | ૩ | ૩ | ૩ × ૧ |
| [○○○] [○○○] | ૩+૩ | ૬ | ૩ × ૨ |
| | | | |
| | | | |
| [○○○] [○○○] [○○○] [○○○] [○○○] | ૩+૩+૩+૩+૩ | | ૩ × ૫ |
| | | | |
| | | | |
| | | | |
| [○○○] [○○○] [○○○] [○○○]<br>[○○○] [○○○] [○○○] [○○○] [○○○] | ૩+૩+૩+૩+<br>૩+૩+૩+૩+૩ | | ૩ × ૯ |

પ્રશ્ન-૨ ૮નો ઘડિયો પૂર્ણ કરો.

| | |
|---|---|
| ૧ વખત ૮ એટલે ૮ | ________ વખત ૮ એટલે ________ |
| ૨ વખત ૮ એટલે ૧૬ | ___૭___ વખત ________ એટલે ________ |
| ૩ વખત ૮ એટલે ________ | ________ વખત ________ એટલે ________ |
| ૪ વખત ૮ એટલે ________ | ________ વખત ________ એટલે ________ |
| ૫ વખત ૮ એટલે ________ | ________ વખત ________ એટલે ________ |

પ્રશ્ન-૩ ગુણાકાર કરો.

(૧) ૨ × ૫ = ________________ (૨) ૩ × ૮ = ________________

(૩) ૭ × ૮ = ________________ (૪) ૬ × ૪ = ________________

(૫) ૩ × ૭ = ________________ (૬) ૪ × ૫ = ________________

(૭) ૧ × ૮ = ________________ (૮) ૪ × ૬ = ________________

(૯) ૧૨ × ૩ = ________________ (૧૦) ૨૧ × ૪ = ________________

(૧૧) ૪૩ × ૩ = ________________ (૧૨) ૨૪ × ૩ = ________________

(૧૩) ૨૫ × ૧૦ = ________________ (૧૪) ૨૦ × ૧૦ = ________________

પ્રશ્ન-૪ ગુણાકાર કરો.

| | | |
|---|---|---|
| (૧) ૨૩ × ૧૨ | (૨) ૫૬ × ૧૨ | (૩) ૫૨ × ૧૪ |
| (૪) ૨૪ × ૧૮ | (૫) ૭૪ × ૨૫ | (૬) ૬૪ × ૧૪ |
| (૭) ૨૬ × ૧૮ | (૮) ૩૬ × ૧૪ | (૯) ૫૬ × ૧૭ |
| (૧૦) ૫૪ × ૧૮ | (૧૧) ૬૪ × ૨૬ | (૧૨) ૭૪ × ૩૬ |
| (૧૩) ૮૪ × ૧૮ | (૧૪) ૫૯ × ૨૧ | (૧૫) ૬૫ × ૧૫ |

| (૧૬)૭૦ × ૩૦ | (૧૭) ૮૦ × ૧૬ | (૧૮) ૯૦ × ૪૦ |
|---|---|---|
| | | |

**પ્રશ્ન-૫ નીચેના દાખલા ગણો.**

(૧) વર્ગખંડમાં ૨૫ ડેસ્ક છે. દરેક ડેસ્કને ચાર પાયા છે, તો બધા ડેસ્કના થઈ કુલ કેટલા પાયા થાય ?

(૨) એક ઓરડામાં ૩ બારીઓ છે. આવા ૧૮ ઓરડામાં કુલ કેટલી બારીઓ થાય ?

(૩) એક શર્ટમાં ૮ બટન છે, તો આવા ૩૫ શર્ટનાં કુલ કેટલાં બટન થાય ?

(૪) વર્ગમાંના દરેક બાળકને ૫ ચોકલેટ આપવામાં આવી. જો વર્ગમાં ૩૮ વિદ્યાર્થી હોય, તો કુલ કેટલી ચોકલેટ આપવામાં આવી હશે ?

(૫) સમૂહ કવાયતમાં બાળકો હરોળમાં ઊભાં રહે છે. દરેક હરોળમાં ૨૫ બાળકો હોય અને આવી ૧૨ હરોળ હોય, તો સમૂહ કવાયતમાં કેટલાં બાળકો જોડાયાં ?

(૬) પ્રવાસમાં દરેક બાળકને ૩ ફળ આપવામાં આવ્યાં. કુલ ૫૬ બાળકો હતાં, તો કુલ કેટલાં ફળ વહેંચાયા હશે ?

પ્રશ્ન-૬ આપેલા ભાવપત્રકનો ઉપયોગ કરી નીચેના દાખલા ગણો.

| ભાવપત્રક | |
|---|---|
| **વસ્તુ** | **૧ કિગ્રાનો ભાવ** |
| મગ | ૭૫ રૂપિયા |
| ઘઉં | ૩૫ રૂપિયા |
| બાજરી | ૨૫ રૂપિયા |
| ચણા | ૬૫ રૂપિયા |

(૧) રેખા ૮ કિલો મગ ખરીદે, તો રેખા કેટલા રૂપિયા દુકાનદારને ચૂકવશે ?

(૨) ઈરફાન ૧૫ કિલો ઘઉં ખરીદે છે, તો તેણે કેટલા રૂપિયા દુકાનદારને આપવા પડશે ?

(૩) જોસેફ ૧૮ કિલો બાજરી અને ૧૫ કિલો ઘઉં ખરીદે છે, તો તેને કેટલા રૂપિયા ચૂકવવા પડશે?

(૪) રમેશે ૨૦ કિલો ચણા અને ૧૦ કિલો મગ ખરીદ્યા. તેણે દુકાનદારને રૂ. ૫૦૦ની ૫ નોટ આપી. દુકાનદાર તેને કેટલા રૂપિયા પાછા આપશે ?

## જવાબો

| | | | | |
|---|---|---|---|---|
| પ્રશ્ન-૪ | (૧) ૨૭૬ | (૨) ૬૭૨ | (૩) ૭૨૮ | (૪) ૪૩૨ |
| | (૫) ૧૮૫૦ | (૬) ૮૯૬ | (૭) ૪૬૮ | (૮) ૫૦૪ |
| | (૯) ૯૫૨ | (૧૦) ૯૭૨ | (૧૧) ૧૬૬૪ | (૧૨) ૨૬૬૪ |
| | (૧૩) ૧૫૧૨ | (૧૪) ૧૨૩૯ | (૧૫) ૯૭૫ | (૧૬) ૨૧૦૦ |
| | (૧૭) ૧૨૮૦ | (૧૮) ૩૬૦૦ | | |
| પ્રશ્ન-૫ | (૧) ૧૦૦ પાયા | (૨) ૫૪ બારીઓ | (૩) ૨૮૦ બટન | (૪) ૧૯૦ ચોકલેટ |
| | (૫) ૩૦૦ બાળકો | (૬) ૧૬૮ ફળ | | |
| પ્રશ્ન-૬ | (૧) ૬૦૦ રૂપિયા | (૨) ૫૨૫ રૂપિયા | (૩) ૯૭૫ રૂપિયા | (૪) ૪૫૦ રૂપિયા |

## રફ કાર્ય

| ૫ | ભાગાકાર |
|---|---|

- ભાગાકાર એ પુનરાવર્તી બાદબાકી છે. તે બાબતને ધ્યાનમાં રાખીને તેને અંતર્ગત પ્રવૃત્તિ મૂકવામાં આવી છે.
- ત્યારબાદ એક અંક વડે ભાગાકાર અને પછી બે અંક વડે ભાગાકારની ક્રિયા આપવામાં આવેલ છે અને પછી તેને અંતર્ગત કોયડા આપવામાં આવેલ છે.
- ધોરણ ૫માં વિવિધ જગ્યાએ અગાઉના ધોરણની જેમ ઉપયોગ થતો હોઈ આ બાબતે જરૂરી માર્ગદર્શન મળી રહે તે જરૂરી છે.

**પ્રશ્ન-૧ ભાગાકાર કરો.**

૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૨૫

૧૦ ૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧ ૦

૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૧ ૩૨ ૩૩ ૩૪ ૩૫ ૩૬ ૩૭

૫૦ ૪૯ ૪૮ ૪૭ ૪૬ ૪૫ ૪૪ ૪૩ ૪૨ ૪૧ ૪૦ ૩૯ ૩૮

(૧) બીના ૦ થી શરૂ કરી દર ત્રીજા ઘરની મુલાકાત લે છે. કેટલી મુલાકાત પછી તે ૩૦માં ઘરે પહોંચશે ?

૩૦ ÷ ૩ = ____________

(૨) પરેશ ૦ થી શરૂ કરી દર ચોથા ઘરની મુલાકાત લે છે. કેટલી મુલાકાત પછી તે ૩૬માં ઘરની મુલાકાત લેશે ?

૩૬ ÷ ૪ = ____________

(૩) અફઝલ ૦ થી શરૂ કરી દર ૮માં ઘરની મુલાકાત લેતાં તે ૫૬મા ઘરે પહોંચ્યો, તો તેણે ૦ પછી કેટલા ઘરની મુલાકાત લીધી ?

૫૬ ÷ ૮ = ____________

પ્રશ્ન-૨ ભાગાકાર કરો.

| | | |
|---|---|---|
| (૧) ૪ ÷ ૨ | (૨) ૧૨ ÷ ૩ | (૩) ૨૪ ÷ ૪ |
| (૪) ૪૨ ÷ ૬ | (૫) ૬૩ ÷ ૭ | (૬) ૧૩૦ ÷ ૫ |
| (૭) ૧૨૦ ÷ ૬ | (૮) ૧૩૨ ÷ ૪ | (૯) ૨૩૧ ÷ ૭ |
| (૧૦) ૯૦૦ ÷ ૯ | (૧૧) ૩૪૩ ÷ ૭ | (૧૨) ૮૪૦ ÷ ૪ |

**પ્રશ્ન-૩ ભાગાકાર કરો.**

| | | |
|---|---|---|
| (૧) ૧૦ ) ૫૨૦ | (૨) ૧૨ ) ૧૪૪ | (૩) ૧૩ ) ૪૧૬ |
| (૪) ૧૫ ) ૬૭૫ | (૫) ૧૬ ) ૩૩૬ | (૬) ૧૭ ) ૧૭૦ |
| (૭) ૧૭ ) ૨૫૫ | (૮) ૧૮ ) ૩૪૨ | (૯) ૧૯ ) ૫૧૩ |
| (૧૦) ૨૦ ) ૬૦૦ | (૧૧) ૧૮ ) ૯૦૦ | (૧૨) ૧૭ ) ૮૫૦ |

**પ્રશ્ન-૪ વ્યવહારિક કોયડા.**

(૧) રમાબેને વહેંચવા માટે ૩૦ પેંડા લીધા. ત્યારબાદ એક ડબ્બીમાં ૨ પેંડા મૂકીને એક પેકેટ તૈયાર કર્યું, તો પેંડાનાં આવાં કેટલાં પેકેટ બનશે ?

(૨) એક પ્રદર્શન હોલની બહાર ૩૨ ચંપલ છે, તો પ્રદર્શન હોલની અંદર કેટલી વ્યક્તિ હોઈ શકે ?

(૩) એક ખોખામાં મીઠાઈનાં ૨૪ બોક્સ સમાઈ શકે છે. ભારતીને ૨૮૮ મીઠાઈનાં બોક્સ ગોઠવવા છે, તો તેને કેટલાં ખોખાં જોઈએ ?

(૪) પાઉચ બનાવવાનું એક મશીન એક દિવસમાં ૩૦૦ પાઉચ બનાવે છે, તો મશીનને ૨૧૦૦ પાઉચ બનાવવા કેટલા દિવસ લાગશે ?

# જવાબો

| | | | | |
|---|---|---|---|---|
| પ્રશ્ન-૧ | (૧) ૧૦ | (૨) ૯ | (૩) ૭ | |
| પ્રશ્ન-૨ | (૧) ૨ | (૨) ૪ | (૩) ૬ | (૪) ૭ |
| | (૫) ૯ | (૬) ૨૬ | (૭) ૨૦ | (૮) ૩૩ |
| | (૯) ૩૩ | (૧૦) ૧૦૦ | (૧૧) ૪૯ | (૧૨) ૨૧૦ |
| પ્રશ્ન-૩ | (૧) ૫૨ | (૨) ૧૨ | (૩) ૩૨ | (૪) ૪૫ |
| | (૫) ૨૧ | (૬) ૧૦ | (૭) ૧૫ | (૮) ૧૯ |
| | (૯) ૨૭ | (૧૦) ૩૦ | (૧૧)૫૦ | (૧૨) ૫૦ |
| પ્રશ્ન-૪ | (૧) ૧૫ બોક્સ | (૨) ૧૬ વ્યક્તિ | (૩) ૧૨ ખોખાં | (૪) ૭ દિવસ |

## રફ કાર્ય

# English

## 5. Mr. Fox and Miss Crane

- શિક્ષકની મદદથી વાર્તા સાંભળો અને વાંચો.

One day, Mr. Fox invites Miss Crane for supper.




Miss Crane goes to Mr. Fox's house.






They begin to eat. Mr. Fox can eat from the dish but Miss Crane cannot eat from the dish.




The next day, Miss Crane invites Mr. Fox for supper.












e

શિક્ષક મિત્રો, આ પ્રવૃત્તિઓનો હેતુ વિદ્યાર્થીઓ ધીમે-ધીમે સરળ અંગ્રેજી વાક્યો ભાવ સાથે બોલતાં થાય તેમજ સહજપણે અંગ્રેજીમાં વાતચીત કરે તે છે. દરેક બાળકને તક મળી રહે તે સુનિશ્ચિત કરવું.

# 6. Let Us Talk

- **નીચે આપેલ સંવાદને પૂર્ણ કરી વર્ગખંડમાં ભજવો.**

(1) A : Good morning.

B : Good morning.

(2) A : How are you ?

B : I'm fine.

(3) A : What is your name ?

B : My name is ______

(તમારું નામ)

(4) A : Who is your class teacher ?

B : ______ is my class teacher.

(તમારા વર્ગશિક્ષકનું નામ)

(5) A : How old are you ?

B : I am ______ years old.

(તમારી ઉંમર)

f